**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૯ ટકા

# દશેરાએ શહેરમાં ૧૫ હજાર કિલો ફાફડા-જલેબી ખવાયા







ગાંધીનગર, તા.૨૫
આજે દશેરાના દિવસે ફાફડા-જલેબી ખાવાનો રીવાજ વર્ષોથી ચાલતો આવે છે ત્યારે દશેરા નિમિત્તે શહેરીજનોએ ઉત્સાહભેર ફાફડા જલેબીની લિજ્જત માણી હતી. શહેરના ફરસાણ અને મિઠાઈની દુકાન ધારકોના જણાવ્યા અનુસાર દશેરાના દિવસે લગભગ ચૌદથી પંદર હજાર ફાફડા-જલેબીનું ગાંધીનગરમાં વેચાણ થયું છે. એટલે કે લાખો રૂપિયાના ફાફડા જલેબી કોરોના કાળ દરમિયાન પણ ખવાયા તો છે જ. પરંતુ વેપારીઓના જણાવ્યા અનુસાર આ વર્ષે કોરોનાને કારણે ફાફડા જલેબીનું ૨૦થી ૩૦ટકા વેચાણ ઓછું પણ થયું છે.

શુભકાર્યો કરવા માટે શુભ ગણાતા દિવસ દશરાએ શહેરીજનો ઉત્સાહમાં જણાતા હતા. શહેરમાં લગભગ ૧૫ હજાર કિલો ફાફડા-જલેબીનું વેચાણ થયુ છે. કોરોના કાળમાં જલેબીની મીઠાશ ઓછી થઈ છે કારણ કે કોરોનાના ડર સાથે ગળ્યું ખાવાથી ડરનારે ફક્ત ફાફડા ખાવાનો જ આગ્રહ રાખ્યો છે. પહેલાના વર્ષોમાં એવું હતું કે જે ફાફડા ખરીદે તે જલેબી ખરીદે જ પરંતુ આ વર્ષે એવું નથી જલેબી ખાવાનો આગ્રહ શહેરીજનોએ ઓછો રાખ્યો છે. શહેરના તમામ ફરસાણનું વેચાણ કરતા વેપારીઓના જણાવ્યા અનુસાર આ વર્ષે દર વર્ષ કરતા ૨૦ થી ૩૦ ટકા વેચાણ ઓછું થયું છે.

## કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફેડરેશનનું વિજયાદશમીએ શસ્ત્રપૂજન





ગાંધીનગર, તા. ૨૫
શૂટિંગ એકેડેમીની રેન્જ પર દશેરા નિમિત્તે શસ્ત્ર પૂજન યોજાયું હતું. જેની વિધિમાં સંસ્થાના ડિરેક્ટર ગજેન્દ્રસિંહ બારડ, ડો. અજયરાજસિંહ બારડ તથા ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાઈફલ એસોસિએશનના સેક્રેટરી હિતેન્દ્રસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે સ્થાનિક તથા અન્ય રાજયના રાષ્ટ્રીય કક્ષાના શૂટરોએ શસ્ત્ર પૂજનમાં ભાગ લઈને રમત ક્ષેત્રમાં આગળ વધે એ માટે શક્તિના સ્રોત એવા મા અંબા ભવાનીની પૂજા અર્ચના કરી હતી જે દરમ્યાન સોશિયલ ડિસટન્સનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

શસ્ત્રપૂજન કાર્યક્રમમાં ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાઈફલ એસોસિએશનના સિનિયર પ્રેસિડેન્ટ ડો.જશવંતસિંહ રાઠોડ, પ્રેસિડેન્ટ મહેશભાઈ સોલંકી તથા વાઈસ પ્રેસિડેન્ટ નરપતસિંહ બારડ તરફથી શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો. ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાયફલ એસોસિએશનના સર્વે પદાધિકારીઓ તરફથી દશેરા અને શસ્ત્ર પૂજન નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં કર્મવીર એજ્યુકેશન અને સ્પોર્ટસ એકેડમીને તેમજ તમામ શૂટરોને વિજયાદશમીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી અને વિજય પર્વને વિશ્વમાં શ્રેષ્ઠ સ્થાને ડિસ્ટ્રીકટના શૂટરો પહોંચે તેવી મા જગત જનનીને પ્રાર્થના કરવામાં આવી હતી. અંતે સાવચેતીના ભાગરૂપે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવાના શપથ લેવામાં આવ્યા હતા.

## ગુજરાતમાં વિદ્યાર્થીઓના ઘડતરમાં અગ્રેસર કિશોર ઈન્સ્ટિટયુટ દ્વારા ઓનલાઈન ગરબા યોજાયા

### કિશોર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત ઓનલાઈન ઈ- મહાઆરતી અને ઝુમ રાત્રી ગરબામાં હજારથી વધુ વિદ્યાર્થીઓ પરિવાર સાથે ઝૂમ્યા

ગાંધીનગર, તા.૨૫
વૈશ્વિક મહામારી કોરોનાને કારણે નવરાત્રી ઉત્સવ પ્રસંગે કેટલા સરકારી બંધન હોવા છતાં એક કલાક માટે આરતી વગેરેની છૂટમાં લોકો આરતી સ્થાપન અને ગરબા કરી ઝડપથી આટોપી લેતા હોય છે, આવા માહોલ વચ્ચે પણ ગાંધીનગરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા કિશોર ઈન્સ્ટિટયૂટ દ્વારા ૨૩મી ઓકટોબરે રાત્રે ઝૂમ રાત્રીમાં ઓનલાઈન ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના વિવિધ સ્થળોના એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ પોતાના પરિવાર અને નજીકના મિત્રવર્તુળ સાથે નવરાત્રી ગરબા પોતાના ઘરેજ મોજ માણી હતી ઈન્સ્ટિટયૂટ દ્વારા નવરાત્રી મહોત્સવ પ્રસંગે આઠમા નોરતે ઓનલાઈન મહાઆરતી અને ગરબાનું આયોજન કરાયું હતું.

ગુજરાતના કચ્છ, પંચમહાલ, આણંદ, અમદાવાદ, મહેસાણા, દાહોદ,વલસાડ, બનાસકાંઠા, સાબરકાંઠા, અને અરવલ્લી વગેરે જિલ્લામાં કિશોર ઈન્સ્ટિટયૂટના વિદ્યાર્થીઓ પથરાયેલા છે જેમણે પોત પોતાના ઘરે બે થી પાંચ પેઢીના આબાલવૃદ્ધોએ એક સાથે નિર્ભય રીતે ગરબાની મોજ માણી હતી. કોઈ ઘરમાં તો કોઈ ધાબા ઉપર, કોઈ બહાર ચોકમાં તો કોઈ ઝૂંપડામાં પણ નવરાત્રી ગરબાની મોજ માણવા સહુએ ઘરનું ફુલહાર, રંગીન છત્રીઓ, વિવિધ રંગી લાઈટ્સ વગેરેથી સુશોભન કરી, નવરાત્રીને અનુરૂપ કેડીયા, પાગડી, ચણિયાચોળી વગેરે વસ્ત્રોમાં સજ્જ થઈ સ્પીકરો ગોઠવી ગરબા ની મોજ માણી હતી. આમ ધાર્મિક આસ્થાની સાથે આનંદ, ઉત્સવ અને ઉમંગ નું વાતાવરણ સર્જાયું હતું.

આ પ્રસંગે કિશોર ઈન્સટિટ્યૂટના પ્રેસિડેન્ટ લક્ષ્મણભાઈ અને ટ્રસ્ટી કિશોરસિંહ બળવંતસિંહ, ડૉ.અજયસિંહ અને અન્ય શિક્ષકો તેમજ કર્મચારીઓએ વિદ્યાર્થીઓને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં કિશોર ઈન્સ્ટિટયૂટના એન્થમ ગીત સાથે ઓનલાઈન ગરબાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



**નટુભાઈ વ્યાસ**
પૂર્વ પ્રમુખ, વેપારી મંડળ, ગાંધીનગર, ટ્રસ્ટી - સમર્પણ સેવા ટ્રસ્ટ (વાસણ મહાદેવ)
મો. ૯૬૩૮૭ ૭૦૧૮૨



**ક્રિશ યોગેશકુમાર આનંદ**
મો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



**ભરતભાઈ સોલંકી**
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩

## વિના મૂલ્યે અનાજ વિતરણ ટાણે જ સરકારનું સર્વર ડાઉન થઈ જાય છે

ગાંધીનગર, તા.૨૪
ગાંધીનગર જિલ્લાના ફેરપ્રાઈઝ શોપ ઓનર્સ એસોસીએશન દ્વારા કેન્દ્ર સરકારની પીએમજીકેએવાય યોજના હેઠળ એનએફએસએ કાર્ડ ધારકોને મફત અનાજ વિતરણના કાર્યમાં ખરા સમયે સર્વર બંધ હોવાની કે સર્વર ડાઉન હોવાની સમસ્યા સર્જાઈ રહી છે જેના કારણે સસ્તા અનાજની દુકાને પોતાની એક કે અડધા દિવસની મજૂરી છોડીને અનાજ લેવા આવેલા શ્રમજીવી પરિવારો તથા દુકાનધારકો વચ્ચે ઘર્ષણ થવાની ઘટનાઓ સર્જાઈ રહી છે તેવી રાવ ઉઠાવવામાં આવી છે.

ફેર પ્રાઈઝ શોપ ઓનર્સ એસોસીએશનના પ્રમુખ ગોરધનભાઈ પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે કે મહીનાની પહેલી તારીખથી વિતરણ શરૂ થાય ત્યાં સુધી સરકારનું સર્વર બરાબર ચાલે છે પરંતુ દર માસે ૨૧ તારીખે જયારે વિના મૂલ્યે અનાજ વિતરણની શરૂઆત થાય ત્યારે જ સર્વર ડાઉનની ફરિયાદો શરૂ થઈ જાય છે અને સર્વર બંધ રહેવાને કારણે દુકાનધારકો અનાજ વિતરણ કરી શકતા નથી જેના કારણે દુકાનધારક અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણ થાય છે. વિના મૂલ્યે અનાજ વિતરણનો લાભ લેવા આવતા મોટે ભાગે ગરીબ જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવીઓ જ હોય છે જેઓ પોતાની મજુરી કામ બંધ રાખીને અનાજ લેવા આવ્યા હોય છે અને જો તે સમયે અનાજના મળે તો તેમને ફરીવાર આવવું પડે છે અને વધુ બે ત્રણ દિવસની રોજગારી ગુમાવવી પડે છે. આ સમયે તેઓ દલીલ કરે છે કે પૈસાથી અનાજ લેવા આવનારા માટે તમારું સર્વર બરાબર ચાલે છે અને અમે લેવા આવીએ ત્યારે જ બંધ થઈ જાય છે? અને આ સમસ્યા માટે તેઓ દુકાનદારને દોષી માનવા લાગે છે તેથી સરકાર કયાં તો આ સર્વરની સમસ્યા ઉકેલે અથવા ઓફલાઈન વિતરણ કરવાની છુટ આપે તેવી એસોસીએશને માંગ કરી છે.

# અમે તો ગરબાં પણ ના કર્યા, હવે તમે પણ ગાઈડલાઈન પાળશો ને??

### ઈતિહાસમાં કદાચ પહેલીવાર ગુજરાતમાં અભૂતપૂર્વ 'ગરબા વિહીન' નવરાત્રી યોજાઈ : પ્રજાએ તો સરકારે જાહેર કરેલી ગાઈડલાઈનનું પરંપરાના ભોગે જતન કર્યુ હવે નેતાઓની જવાબદારી છે કે તેઓ પણ ગાઈડલાઈનનું પાલન કરી પ્રજા સમક્ષ અનુકરણીય દાખલો બેસાડે



**લાગ્યું એવું લખ્યું**
સમીર રામી

ગાંધીનગર, તા.૨૫
જયારથી કોરોના વાયરસ વિશ્વમાં ફેલાયું છે ત્યારથી જાણે સમગ્ર દુનિયાની રીતરસમો, રિવાજો, પરંપરાઓ અને માન્યતાઓ વગેરેમાં જાણે એક સાથે પરિવર્તન આવી રહ્યું છે. ભારત હંમેશા સદીઓ જુની પરંપરાઓને સન્માન આપીને તેની જાળવણી કરતો દેશ ગણાય છે તેમ છતાં કોરોના મહામારીના કારણે ભારતીય સંસ્કૃતિની પરંપરાઓમાં પરિવર્તન જોવા મળી રહ્યું છે. ગુજરાતીઓ માટે નવરાત્રીનું પર્વ માત્ર ધાર્મિક ઉત્સવ જ નથી પરંતુ એક ઓળખ સમાન પરંપરા છે જેનું થોડા ઘણા અંશે વળગણ જેને અત્યારે આપણે 'ક્રેઝ' તરીકે ઓળખીએ છીએ તે દરેક ગુજરાતીમાં જોવા મળે છે. મોટા ભાગના ગુજરાતીઓ ગરબા ક્રેઝી છે તેમ છતાં આ વર્ષે કોરોના મહામારીના કારણે સરકારે નિર્ણય લીધો કે કોઈ પણ પ્રકારના ગરબાના જાહેર આયોજન કરી નહીં શકાય અને પરંપરાગત શેરી નવરાત્રીમાં માતાજીનું સ્થાપન અને આરતી પૂજા પણ માત્ર એક જ કલાકમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ સહિતના નિયમોના પાલન સાથે કરવાનું રહેશે. સરકારનો આ આદેશ પણ ગુજરાતીઓએ અભૂતપૂર્વ શિસ્ત સાથે માથે ઉપાડી લીધો જે માટે સરકાર પ્રસંશાના બે શબ્દો કહેશે કે નહીં તે તો માતાજી જાણે પરંતુ એજ ગુજરાતીઓને 'ગરબા વિહીન' નવરાત્રી ઉજવાનો આદેશ આપનાર સત્તાધીશોથી માંડીને તમામપક્ષના રાજકીય નેતાઓને પ્રજાનો એક જ પ્રશ્ન છે 'અમે તો ગરબા પણ ના કર્યા, હવે તમે ગાઈડલાઈન પાળશો?'

વિશ્વ આરોગ્ય સંસ્થાથી માંડીને વડાપ્રધાન સુધી કોરોના સામે લડવા માટે જયાં સુધી રસી ના શોધાય ત્યાં સુધી માસ્ક, સેનેટાઈઝર અને સોશ્યલ ડિસ્ટન્સિંગ જ શ્રેષ્ઠ ઉપાય છે તે વારંવાર સ્પષ્ટ કરવામાં આવ્યું છે અને વડાપ્રધાન દ્વારા અગાઉ 'દો ગજ કી દૂરી, માસ્ક હૈ જરૂરી' સૂત્ર આપવામાં આવ્યું હતું. તાજેતરમાં વડાપ્રધાને કરેલા તેમના દેશવ્યાપી સંબોધનમાં ભારતે અત્યાર સુધી કોરોના સામેની લડાઈ સારી રીતે લડી હોવા છતાં હજુ પણ રસી ના આવે ત્યાં સુધી સાવધ રહેવુ ખૂબ જરુરી છે તેવો સંદેશ આપતા કહ્યું કે 'જબ તક દવાઈ નહીં, તબ તક ઢીલાઈ નહીં'. જો કે વડાપ્રધાનને પૂર્ણ સન્માન આપતા નાગરિકો પણ આ વાત સાથે સંમત થવા સાથે એટલો કટાક્ષ કરવાનું ચુકયા નહોતા કે 'સાહેબ, આ વાત તમારે પહેલાં તમારા પક્ષના નેતાઓ અને કાર્યકરોના ગળે ઉતારવાની ખાસ જરૂર છે.' જો કે માત્ર સત્તાધારી પાર્ટી જ નહી પરંતુ દેશની લગભગ તમામ રાજકીય પાર્ટીઓના નેતાઓ-કાર્યકર્તાઓમાં આજ સ્થિતિ જોવા મળી રહી છે પરંતુ સત્તાપક્ષની જવાબદારી સૌથી વધી જાય છે કેમ કે તેમની સરકાર જે નિયમો બનાવી જાહેર કરે છે અને પ્રજાને તેનું પાલન કરવા દંડ-સજા સહિતના ભય સાથે પાલન કરવા આગ્રહ રાખે છે તેનું નૈતિક રીતે તેમણે પોતે પહેલા પાલન કરવું આવશ્યક બને છે. આ તો પેલા જેવી વાત થઈ કે ચેલાને ગોળ નહીં ખાવાનો ઉપદેશ આપતા પહેલાં ગુરૂએ ગોળ ખાવાનો બંધ કરવો જોઈએ અને એટલા માટે જ રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીની દરેક વાત સામાન્ય માનવી માથે ઉપાડી લેતો હતો કેમ કે તેમના ઉપદેશમાં અને આચરણમાં કોઈ ફર્ક નહોતો જોવા મળતો.





છેલ્લાં આઠેક માસના કોરોના કાળમાં નાગરિકોએ લોકડાઉન સહિતના અભૂતપૂર્વ અનુભવો કર્યા જેમાં તેમના વેપાર-ધંધા-વ્યવસાય પડી ભાંગ્યા, નોકરીઓ છુટી, પગાર કપાયાં, બાળકોનું શિક્ષણ બગડયું, સંબંધો બગડયાં અને પરંપરા ભૂલ્યાં, તહેવારો છુટયાં અને પ્રવાસ-પર્યટન-ઉજાણી વિસરાયાં અને બિમારીમાં સપડાયાં જેમાં અસંખ્ય મોત પણ થયા. આ પછીના મોટા ભાગના નાગરિકોએ સરકારે જે નિયમો બતાવ્યા તેનુ પાલન કર્યું, સોશ્યલ ડિસ્ટન્સ રાખ્યું, માસ્ક-સેનેટાઈઝર વાપર્યા, આયુર્વદિક ઉપચારો કર્યા, ઉકાળા પીધાને યોગ-પ્રાણાયામ કર્યા, પલ્સ-ઓકિસમીટર અને પીપીઈકીટ, ફેસ શિલ્ડ ખરીદયા... શું શું નથી કર્યુ. અરે, છેલ્લે નવરાત્રીમાં ગરબા ત્યજીને સોશ્યલ ડિસ્ટન્સમાં જ આરતી કરી અને હજુ પણ આ બધા નિયમોનું પાલન કરશે પરંતુ તે સાથે જ નાગરિકો નેતાઓને પુછી રહ્યા છે કે 'તમે શું કર્યુ?', 'તમે તો રેલીએ કાઢી, ચુંટણી યોજીને ભીડ જમાવી, પોતાના સ્વાગત-સન્માન કરાવ્યાં અને વિજયસભાઓ કરી, વિધાનસભાથી લઈને સંસદ સુધી ગાઈડલાઈનને કોરાણે મુકી, પક્ષના કાર્યાલયથી લઈને ખાટલાં-પાટલાં બેઠકોમાં સોશ્યલ ડિસ્ટન્સની ધજ્જીયા ઉડાવી, હવે તો જરા વિચાર કરો.' જયાં રાજયના મુખ્યમંત્રીના સંબોધન દરમિયાન તેમણે કેટલીવાર બંને હાથે પોતાનો માસ્ક ખોટી રીતે વારંવાર મ્હોં-નાક પર ચડાવ્યો તેની સંખ્યાની ચર્ચા પ્રજા કરતી હોય તે જ મુખ્યમંત્રી ગાઈડલાઈન બહાર પાડતી વખતે પ્રજાને માસ્ક અયોગ્ય રીતે પહેર્યો હશે તો પણ દંડ થશે તેવું કહે ત્યારે તેની અસરકારકતા કેટલી રહે? સત્તાધારી પક્ષના પ્રદેશ પ્રમુખ કે શહેરના મેયર જાહેરમાં કોરોના સંક્રમિતના નજીકના સંપર્કમાં આવે અને પછી કોરોન્ટાઈન થાય નહીં, ધારાસભ્યો પક્ષપલટાના આનંદમાં ભેટી પડે, ચુંટણી પ્રચારની રેલીઓમાં 'દો ગજ કી દૂરી તો ઠીક દો ઈંચકી દૂરી' શોધવી અઘરી પડી જાય, સેલ્ફી લેવા માટે માસ્કને ફગાવી દેવામાં આવે ત્યારે પ્રજા તો મનોમન એટલું જ કહી રહી છે કે અમે તો ઉકાળા પણ પીધાં અને યોગ-પ્રાણાયામ પણ કર્યા, તમે શું કરી રહ્યા છો?

અત્યારે વિશ્વભરમાં કોરોના સંક્રમણનો નવો દૌર શરૂ થયો હોવાની ચર્ચા છે. અમેરિકાના પ્રમુખ કે યુકેના વડાપ્રધાનથી માંડીને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, વર્તમાન કેન્દ્રિય ગૃહમંત્રી, મધ્યપ્રદેશથી દિલ્હીના મુખ્યમંત્રી કે નાયબ મુખ્યમંત્રી, વિરોધ પક્ષના અગ્રણી નેતાઓ, અનેક સંસદસભ્યો, ધારાસભ્યો, અરે ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનરથી લઈને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સુદ્ધાં કોરોનાગ્રસ્ત થઈ ચુકયા છે ત્યારે સમય આવી ગયો છે કે રાજકીય નેતાઓ આગામી ચુંટણીઓ સહિત તમામ પ્રસંગે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ગંભીરતાથી પાલન કરી પ્રજા સમક્ષ અનુકરણીય દાખલો બેસાડે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. પટેલ ઝવેરબેન વીરજીભાઈ, ઉ.વ. ૭૮, લહેરીપુરા કંપા, તા. ગાંધીનગર
- સ્વ. નરપતસિંહ બળદેવસિંહ બિહોલા, ઉ.વ. ૬૦, લાકરોડા, તા. માણસા
- સ્વ. રાવલ અમૃતલાલ સોમનાથ, ઉ.વ. ૮૮, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. જયવંતરાવ પીરાજીરાવ ગાયકવાડ, ઉ.વ. ૭૦, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. કિરણસિંહ દેવાજી પરમાર, ઉ.વ. ૩૧, ધોળાકુવા, ગાંધીનગર
- સ્વ. શુકલ નિકુલકુમાર વાસુદેવભાઈ, ઉ.વ. ૫૯, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. શાહ જયોત્સનાબેન મણીલાલ, ઉ.વ. ૮૬, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. પટેલ ગંગાબેન સાંકળચંદ, ઉ.વ. ૭૮, સે-૨૭, ગાંધીનગર
- સ્વ. કરશનભાઈ મણાભાઈ દંતાણી, ઉ.વ. ૭૫, સે-૩૦ છાપરાં, ગાંધીનગર
- સ્વ. સંગીતાબેન કેશવલાલ પ્રજાપતિ, ઉ.વ. ૪૩, વાવોલ, ગાંધીનગર
- સ્વ. મહર્ષી કાનજીભાઈ જાદવ, ઉ.વ. ૨૪, રાયસણ ગુડા, તા. ગાંધીનગર
- સ્વ. રાણા રવજીભાઈ મગાજી, ઉ.વ. ૪૫, સે-૨૪ છાપરાં, ગાંધીનગર
- સ્વ. ચંદ્રકાન્ત રામઆધાર યાદવ, ઉ.વ. ૫૩, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. મહેશકુમાર મીઠાભાઈ કનોડીયા, ઉ.વ. ૮૩, સે-૮, ગાંધીનગર
- સ્વ. સુશીલ કામેશ્વર મિશ્રા, ઉ.વ. ૫૫, રાજપુર, તા. કડી, મહેસાણા

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. ગોવિંદસિંહ શંકરજી ચાવડા, ઉ.વ. ૪૫, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. સૂર્યાબેન દિપેન્દ્ર મિસ્ત્રી, ઉ.વ. ૭૧, સેકટર-૫, ગાંધીનગર